હવે, 'હાથ ઊંચા કરો અને બસમાં બેસો' એ સ્લોગનના બદલે 'હાથ ઊંચા કરો અને બસની પાછળ દોડો'



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મારા વોટ્સએપમાં આવ્યું છે નાતાલની તૈયારી શરૂ થઈ ગઈ છે... દિવાળીથી વધુ ખર્ચ થવાનો છે...!! તૈયારી રાખજો...!!

## વાહ રે ઈમાનદારી...!!!

ઈમાનદારી નામની જણસ ગરીબ કે તવંગર જોતી નથી, જેના હૃદયમાં વસે છે તેને મન મોટી મૂડી બનીને રહે છે. વાત જાણે એમ છે કે આજે સાંજે ગાંધીનગરના એક પ્રેસ ફોટોગ્રાફર પથિકાશ્રમ પાસેથી પસાર થતા હતા ત્યારે સે. ૭માં જવાના રસ્તે ઉભેલા ગરમ કપડાં વેચતા ફેરિયા પાસે ખરીદી કરવા ઉભા રહ્યા હતા. આ ખરીદી પતાવી ઉતાવળે ઘરે જવામાં તેમની એક નાની બેગ ક્યારે રસ્તા પર પડી ગઈ તેની તેમને ખબર જ ના રહી. આ બેગમાં તેમની રોજીંદા વપરાશની કેટલીક અગત્યની ચીજવસ્તુઓ હતી. ઘરે જઈને બેગ ખોવાયાનો અહેસાસ થતા તુરંત જ તે માર્ગે શોધવા નીકળ્યા. તેમને રસ્તા પર ફાંફા-ખોળા કરતા જોઈ રોડ સાઈડ પાણી પુરીની લારી ચલાવતા શ્યામુ અને હરિઓમ નામના બે યુવાનોએ પુછ્યુ ''સાહેબ શું શોધો છો ?'' ફોટોગ્રાફરે બેગ ખોવાયા વિશે જણાવતા તુરંત જ બંનેએ લારીમાં સાચવીને મુકી રાખેલ તેમની બેગ આપતા કહ્યું ''લો સાહેબ, આ રહી આપની બેગ'' પોતાની અગત્યની સહીસલામત બેગ પરત મળતા જ આનંદવિભોર થયેલા ફોટોગ્રાફરે બંને યુવાનોનો હૃદયથી આભાર માની બક્ષીસ આપવા પ્રયત્ન કર્યો તો બંનેએ હાથ જોડી ના પાડી દીધી... ખરેખર સલામ છે આ પ્રમાણિક યુવાનોને...

# સે-૨૧ શોપિંગ સેન્ટરના બંધ ફુવારા હટાવાયા નથી

## ઉચ્ચ અધિકારીઓની સૂચનાની પણ અવગણના બંધ ફુવારા ચાલુ કરવા પણ કોઈ નિર્ણય લેવાતો નથી છેલ્લા એક દાયકાથી દુવિધારૂપ સ્થિતિ યથાવત

ગાંધીનગર, તા ૩

શહેરના સે-૨૧માં બંધ ફુવારા દુર કરી પાર્કીંગ બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. બીજીતરફ સેકટરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં જગ્યાના અભાવે રોજબરોજ પાર્કીંગને લગતી સમસ્યા ઉદભવે છે. ફુવારાની જગ્યાએ પાર્કીંગ તૈયાર કરવાની જાહેરાતના લાંબા સમયના અંતે કોઈ કાર્યવાહી ન થતા વેપારીઓ તેમજ મુલાકાતીઓમાં પણ નારાજગી વ્યાપી છે.

શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં હાલ નજર નાંખો ત્યાં દુવિધાઓનુ દંગલ જોવા મળી રહયુ છે.એકબાજુ દબાણની સમસ્યા શોપિંગ વિસ્તારને ઘેરી વળી છે. ત્યારે દબાણ તેમજ પર્યાપ્ત જગ્યાના અભાવે વાહન પાર્કીંગનો પ્રશ્ન પેચીદો બન્યો છે. સેકટરમાં છેલ્લા ઘણાં વર્ષોથી ફુવારા બંધ હાલતમાં છે. અગાઉ તત્કાલિન ચીફ સેક્રેટરીએ સેકટરની મુલાકાત લીધી ત્યારે આ ફુવારા દુર કરવા તેમજ આ ઠેકાણે પાર્કીંગ બનાવવા નિર્ણય લેવાયો હતો. પરંતુ દોઢ વર્ષના અંતે પણ આ વાતનો કોઈ નિવેડો આવ્યો નથી. તંત્ર દ્વારા ફુવારા દુર કરી આ સ્થળે પાર્કીંગનુ નિર્માણ કરવા માટે અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો.પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી ન થતા સ્થાનિક વેપારીઓ તેમજ મુલાકાતીઓને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.સે-૨૧માં રોજ બરોજ હજારો મુલાકાતીઓની અવર જવર રહે છે. ત્યારે પાર્કીંગની સમસ્યા દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ ફુવારા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ તંત્ર દ્વારા કોઈ દરકાર ન લેવાતા છેલ્લા એક દાયકાથી બંધ ફુવારા કાટમાળ સ્વરૂપે જ જોવા મળે છે.ફુવારાનો કીંમતી સામાન પણ ચોરઈ ગયો છે. ત્યારે સેકટરના સાંકડા શોપિંગ વિસ્તારમાં જગ્યાના અભાવ વચ્ચે બંધ ફુવારાની જગ્યા બિનઉપયોગી હાલતમાં હોવાથી દુવિધારૂપ સ્થિતિ સર્જાઈ છે. સરકારના ઉચ્ચ અધિકારીઓના સુચનો બાદ પણ માર્ગ મકાન વિભાગ દ્વારા વેપારીઓ તેમજ મુલાકાતીઓને દુવિધારૂપ સ્થિતિમાંથી ઉગારવા કોઈ પગલા લેવાયા નથી. ટુંક સમયમાં જ આ મામલે તંત્ર દ્વારા કોઈ હરકત દાખવવામાં નહીં આવે તો વેપારીઓ ઉગ્ર લડત આપે તેવી સંભાવના છે.



## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનું મળેલુ આવાસ આજે શ્રીમતિ હીના પટેલે ખાલી કર્યુ છે.

● શાળા-આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ વિધિવત્ રીતે ૭મી ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે ખુલ્લો મુકાશે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના આગેવાનોની આજે ઔપચારિક બેઠક ગાંધીનગર ખાતે મળી હતી.

● ગઈકાલે જાહેર થયેલા પરિણામોની ચર્ચા આજે પણ ટોક ઓફ ધી ટાઉન રહી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૭ ઠાકોર જ્ઞાતિના સભ્યો ચૂંટાયા છે તો ૪ પટેલ, ૨ ક્ષત્રિય, બે શિડ્યુલ કાસ્ટ તેમજ ૪ ચૌધરી અને શિડ્યુલ ટ્રાયબના એક ઉમેદવાર વિજયી થયા છે.

● જિલ્લા ભાજપ દ્વારા હારના કારણો અને તારણો માટે બેઠક બોલાવવાનું આયોજન કરાઈ રહ્યું છે.

● આગામી સપ્તાહમાં ગાંધીનગર શહેર લગ્નોત્સવમય બની જશે.

# ધોલેરા એરપોર્ટ પ્રોજેક્ટને કેન્દ્રની પર્યાવરણીય મંજુરી

## અમદાવાદના નવાગામમાં ૧૪૨૬ હેક્ટર જમીનમાં ૧૭૧૨ કરોડના ખર્ચે સાકાર થશે ધોલેરા એરપોર્ટ પ્રોજેક્ટ

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં આકાર પામનારા વૈશ્વિક કક્ષાના સુચિત ધોલેરા એરપોર્ટ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારની પર્યાવરણ મંજુરી પ્રાપ્ત થઈ છે. તાજેતરમાં ભારત સરકારના વન અને પર્યાવરણ તથા કલાયમેટ ચેઈન્જ વિભાગે આ મંજુરીનો પત્ર સુચિત ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપનીનો પાઠવ્યો છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આપરવાનગી આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો ગુજરાતના નાગરિકો વતી આભાર વ્યક્ત કર્યો છે.

ગુજરાતમાં વિશ્વકમાનું ધોલેરા એરપોર્ટ અમદાવાદ જિલ્લાના નવાગામમા ૧૪૨૬ હેક્ટર જમીન વિસ્તારમાં આકાર પામવાનું છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પ્રોજેક્ટ રિપોર્ટ અનુસાર અંદાજે ૧૭૧૨ કરોડની કિંમતે વિકસાવવામા આવશે. આ પ્રોજેક્ટને અદ્યતન હબે વિકસાવવા માટે રાજય સરકારે ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપનીની સ્થાના કરી છે. ધોલેરા એરપોર્ટનો આ બહુ હેતુક પ્રોજેક્ટ ધોલેરા સ્પેશ્યલ રીજીયન ઉપરાંત ધોલેરા નજીકના વડોદરા, રાજકોટ, ભાવનગર, નડીયાદ, ખેડા અને આણંદની જરૂરિયાતોની આપૂર્તિ કરનારો બનવાનો છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, અગાઉ ૨૦૧૪માં કેન્દ્રીય રક્ષા મંત્રાલય દ્વારા આ પ્રોજેક્ટ બાંધકામ માટેના વાંધા પ્રમાણપત્ર તેમજ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સાઈટ કલીયરન્સ આપવામાં આવેલું છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ તૈયાર કરાયેલા પ્રોજેક્ટ રિપોર્ટ પ્રમાણે આ પ્રોજેક્ટ ત્રણ ભાગમાં કુલ ૧૭૧૨ કરોડની કિંમતે વિકસાવવામાં આવશે. પ્રથમ ફેઈઝમાં પ્રોજેક્ટ રિપોર્ટ પ્રમાણે આ પ્રોજેક્ટની અંદાજીત કિંમત ૭૧૬ કરોડ જેટલી થશે. હવે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયની જરૂરી મંજુરીઓ પ્રોજેક્ટ માટે મેળવવાની રહે છે જે પણ સંભવત જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં મળી જશે.




રાજ્યભરમાં ખુરશીની ખેંચાખેંચ ચાલી રહી છે. કઈ ખુરશી કોના હાથમાં આવશે અને કઈ ખુરશી કોના હાથમાંથી જશે તેની અટકળો છેલ્લા એક માસથી ચાલી રહી હતી. પરિણામો આવતા જ ઘણાને ખુરશીનો વિયોગ મળ્યો છે તો ઘણાને પ્રથમવાર ખુરશીનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. છેલ્લા કેટલાય સમયથી સેક્ટર-૧૫ પાસેના ખ-૩ સર્કલે કોઈકે થાંભલા સાથે પ્લાસ્ટીકની ખુરશી બાંધી દીધી છે. આ ખુરશી જોઈને ત્યાંથી પસાર થતા નગરજનો દરરોજ નવી નવી અટકળો કરી રહ્યાં છે. જો કે એક વાતતો માનવી પડશે કે ખુરશીની ખેંચાખેંચનું ગાંધીનગર એપી સેન્ટર છે માટે જ કોઈ મસ્તીબાજને ખુરશીને સૂચક રીતે સર્કલમાં સ્થાન આપવાનું યોગ્ય લાગ્યું હશે. (તસવીર : કશ્યપ નિમાવત)

## જુસિકા દ્વારા હેન્ડીકેપ બાળકોને ટ્રાયસીકલનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩

જુનિયર સિનિયર કાઉન્સિલ દ્વારા આગામી તા. ૯ ડિસેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે હેન્ડીકેપ બાળકોને ટ્રાયસીકલ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ૧૦ હેન્ડીકેપ બાળકોને ટ્રાયસીકલનું વિતરણ કરાશે. જુનિયર સિનિયર કાઉન્સિલ દ્વારા દર્દીઓને સહાયરૂપ થવા ઉપરાંત વિવિધ સમાજ ઉપયોગી કાર્ય પણ કરવામાં આવે છે. જરૂરિયાતમંદ બાળકોને મદદરૂપ થવાના આશય સાથે આગામી સપ્તાહમાં સંસ્થા દ્વારા ટ્રાયસીકલનું વિતરણ કરવામાં આવશે.

## 'નેવી ડે' નિમિત્તે રાજયપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા.૩

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ 'નૌ સેના દિવસ' ડિસેમ્બર તા. ૪ નિમિત્તે ભારતીય નૌ સેનાના અધિકારીઓ અને નૌ સૈનિક જે ત્યાગ અને રાષ્ટ્રભાવનાની સાથે માતૃભિમિની સેવામાં સમર્પિત છે, તેમને શુભકામનાઓ પાઠવી છે.

'નેવી ડે'નો સંદેશો પાઠવતાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે ભારતના નિર્ણાયક વિજયમાં પરિણમેલા ભારતીય નૌ સેનાના ૧૯૭૧માં પાકિસ્તાનના કરાંચી બંદર પરના સફળ હુમલાની વિજય સ્મૃતિમાં 'નેવી ડે' પ્રતિ વર્ષ ડિસેમ્બર ૪ ના રોજ ઉજવવામાં આવે છે. આજનો દિવસ આપણા સૌને રાષ્ટ્રની સમુદ્રી સીમાના સંરક્ષણ માટે વર્તમાન અદ્યતન ટેકનોલોજીના સાથે કદમ મિલાવનાર, ભારતીય નૌ સેના નિઃસ્વાર્થ રાષ્ટ્રપ્રેમ અને અનન્ય સમર્પણનું સ્મરણ કરાવે છે.

# હવે, 'હાથ ઊંચા કરો અને બસમાં બેસો' એ સ્લોગનના બદલે 'હાથ ઊંચા કરો અને બસની પાછળ દોડો'

ગાંધીનગર, તા ૩

ગાંધીનગર શહેરના નાગરિકો માટે તંત્ર દ્વારા એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ - ગાંધીનગર વચ્ચે ૧૫૦ થી પણ વધુ બસો દોડાવાય છે. પરંતુ ટાઈમસર અને ગમે ત્યારે બસના રુટ બદલી નાંખવામાં આવતા મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. 'હાથ ઉંચા કરો અને બસમાં બેસો' તંત્ર દ્વારા સ્લોગન આપવામાં આવ્યું હતું. પરંતુ મુસાફરો પાછળ દોડવા છતાં બસ ઉભી ન રાખતા હોવાથી તંત્રએ સ્લોગન બદલ્યું હોય તેવું નગરજનોને લાગી રહ્યું છે. સેકટર-૨૬ ના રુટ પર બસ નિયમિત નહિ આવતા સરકારીકર્મીઓ અને અમદાવાદ અભ્યાસ અર્થે જતા વિધાર્થીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. આ રુટ પર નિયમિત બસ આવે તેવું સેકટર-૨૬ના રહિશો ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર -અમદાવાદ વચ્ચે રોજના લાખ્ખો મુસાફરો મુસાફરી કરે છે. અવારનવાર સેકટર-૨૬ના રુટ પરથી અગાઉ જાણ કર્યા વગર બસના રુટ કેન્સલ કરી દેવાય છે. મોટાભાગની બસો નિયત સમય કરતા મોડી આવે છે. આ પરિસ્થિતના કારણે અપડાઉન કરતા વિધાર્થીઓ સમયસર કોલેજ પહોંચી શકતા નથી તથા નોકરીયાતો અને વેપારીઓ પોતાના નોકરી વ્યવસ્યાયના સ્થળે નિયત સમયે પહોંચી શકતા નથી.આ કારણે આ રુટ પરના મુસાફરોમાં એસ.ટી તંત્ર પ્રત્યે ભારે રોષની લાગણી ફેલાઈ છે. ગાંધીનગર એસ.ટી. તંત્ર દ્વારા મુસાફરોને ધ્યાને લઈ શહેરના દરેક માર્ગને અવારી લઈ ૧૫૦ પણ વધુ બસના રુટ નક્કી કરાયા છે. તંત્ર રોજનું ૩૦.૦૦૦કિલોમીટરનું સંચાલન કરે છે. અને સાડાત્રણ લાખનું ડિઝલ રોજ બસોમાં વપરાય છે. છતા પણ મુસાફરો બસ માટે રીતસરના ફાફા મારવા પડે છે. તંત્ર દ્વારા વિવિધ સ્લોગનો આપવામાં આવે છે. પરંતુ આ સ્લોગન લોકઉપયોગી બનતા નથી કારણકે એસ.ટીના કર્મીઓ જ નિયમોનું પાલન કરતા નથી. સ્તવરે સેકટર ૨૬ ના રુટ પર બસોની નિયમિતતા જળવાય તે અંગે પગલા ભરવામાં આવે તેવી મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.

# ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરાઈ

## વિકલાંગોને દયાની નહિ, સાથની જરુર છે : પ્રો. ઝરણાબેન મહેશ્વરી : અડગ મનના માનવીને કોઈ પણ પ્રકારની વિકલાંગતા નડતી નથી : મેહુલભાઈ દોશી

ગાંધીનગર, તા.૩

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર ઉજવાતા 'વિકલાંગ દિવસ'ની ગાંધીનગર ખાતે પણ ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે આવેલી જુનિયર ઈન્ફોસીટી સાયન્સ કોલેજમાં વિકલાંગોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સેન્ટ્રલ યુનિવર્સિટીના પ્રો. ઝરણાબેને વિકલાંગોને પડતી તકલીફો અને તેમણે પોતે જીવનમાં સફળતા મેળવવા કરેલા સંઘર્ષનું વર્ણન કર્યુ હતું. જેમાં તેમણે સામાજીક સ્તરે, અભ્યાસ દરમિયાન, નોકરી મેળવવા અને જાહેર જીવનમાં પડતી તકલીફોનો ચિતાર રજુ કર્યોહતો. લોકો વિકલાંગોને તેમનાથી અલગ ગણે છે. એક માનસિક વાડ બાંધી તેમનાથી અંતર રાખે છે ત્યારે તેમને ખુબ દુઃખ થાય છે. આવા સમયે વિકલાંગોને દયાની નહી સાથની જરૂર હોય છે. આજે વિકલાંગોએ પોતાનો અલગ જ ચિલો ચાતર્યો છે. ડોકટર, વકીલ, પ્રોફેસર, એન્જીનીયર અને અન્ય સાહસિક જગ્યાઓ પર પોતાનું સ્થાન જમાવ્યુંછે. પોતે સામાન્ય વ્યકિત જેટલો જ સક્ષમ છે તેવું સાબિત કરી બતાવ્યું છે.






આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મેહુલભાઈ દોશીએ વિકલાંગોને કયારેય હતાશ થવાની જરુર નથી તેમ જણાવ્યું હતું. શ્રી મેહુલભાઈએ પોતાના અનુભવો વર્ણવતા જણાવ્યું હતું કે બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય સંપૂર્ણ સક્ષમ વ્યકિત જ કરી શકે તે વાતને તેમણે ખોટી ઠેરવી હતી. પોતે વિકલાંગ હોવા છતાં સરકારી નોકરી છોડી બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં જોડાયા. તેમજ તેમાં તેમણે ધારી સફળતા મેળવી. જેનો સંતોષ વ્યકત કરતા તેમણે જણાવ્યું હતું કે અડગ મનના માનવીને કોઈ પણ પ્રકારની વિકલાંગતા નડતી નથી.

પ્રસ્તુત કાર્યક્રમમાં અંકુર શ્રીમાળીએ વિકલાંગોને જાહેર તેમજ શૈક્ષણિક પરીક્ષા વખતે લહિયાની ખાસ તકલીફ પડતી હોય છે. જો વિદ્યાર્થીઓ આગળ આવે તો વિકલાંગ વિદ્યાર્થીઓની પરીક્ષા અંગેની અડધી ચિંતા દૂર થઈ જાય. આ ઉપરાંત માનસિક ક્ષતિ ધરાવતા વિકલાંગો માટે કામ કરતા જીજ્ઞેશ રાવલે વિકલાંગો માટે યોજાતા પેરાઓલમ્પિક વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીમાં સહભાગી બનેલા આ સ્કુલના શિક્ષકો, બાળકો અને સંચાલકોમાં ડૉ. વી. વી. વૈષ્ણવ, ડૉ.દલસાણિયા અને શ્રી શૈલેશભાઈ પંડયા વિકલાંગોને સદા તન અને મનથી સહાય કરવાની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.

# સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષપદે જ્યોતિન્દ્ર મહેતા

અમદાવાદ, તા. ૩

સહકારી ક્ષેત્રની સૌથી મોટી સ્વૈચ્છિક સંસ્થા સહકાર ભારતી દ્વારા શહેરમાં ૩ દિવસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું. સહકાર ભારતીના પાંચમા રાષ્ટ્રીય અધિવેશનના છેલ્લા દિવસે આ સહકારી સંસ્થાના નવા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાતના શ્રી જ્યોતિન્દ્ર મહેતાની નેશનલ પ્રેસીડેન્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે, જ્યારે અન્ય નિમણુંકોમાં શ્રી સતિષ મરાઠે-પેટ્રન અને શ્રી ઉદય જોષીની નેશનલ સેક્રેટરી જનરલ તરીકે તથા કોન્કોડી પદ્મનાભની વાઈસ પ્રેસીડેન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી છે. અધિવેશનનો ઉદ્દેશ સહકારી ચળવળના વ્યાપ વિસ્તારીને તે દ્વારા હાલમાં તે જ્યાં મજબૂત સ્થિતિ ધરાવે છે તે બેંકીંગ અને કૃષિ ઉપરાંતના ઉદ્યોગ જેવાં ક્ષેત્રોમાં લાભ પહોંચાડવાનો છે.

પાંચમુ રાષ્ટ્રીય અધિવેશન તાજેતરમાં અમદાવાદમાં પીરાણા ખાતે યોજાયું હતું. જેમાં તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૦૦ જિલ્લાઓ અને સહકારી ચળવળનાં વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા ૨,૦૦૦ થી વધુ લોકોએ હાજરી આપી હતી.

આખરી દિવસે પ્રેસીડેન્ટ અને પીઢ સહકારી કાર્યકર્તા શ્રી જ્યોતિન્દ્ર મહેતાએ અમૂલની સહકારી ચળવળનું ઉદાહરણ આપીને તે મોડલને અન્ય ક્ષેત્રોમાં પ્રસરાવવાનો અનુરોધ કર્યો હતો. સહકારી ચળવળ દ્વારા મહિલા સશક્તિકરણ પણ શક્ય છે અને આ માટે અમૂલ પ્રેરણારૂપ બની શકે તેમ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની જન્મ જયંતિ નિમિત્તો પુષ્પાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભા ખાતે આજે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૧૩૨મી જન્મ જયંતિ નિમિત્તે પોડિયમમાં મુકાયેલા તેમના તૈલચિત્રને ગુજરાત વિધાનસભાના સચિવશ્રી ડી.એમ. પટેલના હસ્તે પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહીને ડૉ. રાજેન્દ્ર પ્રસાદના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પી હતી.

સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ તા. ૩જી ડિસેમ્બર, ૧૮૮૪ના રોજ ઝીરાદેઈ, બિહાર ખાતે થયો હતો. ડૉ. પ્રસાદ વકીલાત કરતાં કરતાં સન ૧૯૦૭થી દેશભક્તિના રંગે રંગાઈ છેક સુધી ગાંધીજીના જૂના અને અતિવિશ્વાસુ સાથીદાર તરીકે કાર્યરત રહ્યા હતા. સન ૧૯૧૭થી ગાંધીજી સાથે મળી સન ૧૯૨૦માં અસહકાર આંદોલન શરૂ થતાં ફકીરી વહોરી દેશનું જાહેર જીવન ઘડવામાં અને આઝાદી મેળવવામાં અગત્યનો ફાળો આપ્યો. બિહારમાં વિદ્યાપીઠ સ્થાપવામાં તથા ખાદીપ્રચારના કામમાં અથાક પરિશ્રમ, ગુજરાતમાં મીઠાના સત્યાગ્રહ વખતે પટનામાંથી સૌપ્રથમ ધરપકડ થઈ અને ત્યારબાદ અનેક વખત જેલવાસ ભોગવ્યો. શ્રી રાજેન્દ્ર પ્રસાદ બંધારણસભાના પ્રમુખ રહ્યા હતા, તેઓએ "ઈન્ડિયા ડિવાઈડેડ" સહિત અનેક પુસ્તકોનું લેખન પણ કર્યું હતું. ડૉ. રાજેન્દ્ર પ્રસાદનું તા. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૬૩ના રોજ પટના ખાતે અવસાન થયું હતું.